ઉત્તર ગુજરાતમાં ભર શિયાળે ઉનાળાનો પ્રારંભ

ઘઉંનું વાવેતર કરનાર ભૂમિપુત્રોની ઊંઘ ઉડાડતો શિયાળો : ઘઉંના ઉત્પાદન પર સંકટના વાદળો

મોડાસા, તા. ૫

ગુજરાત રાજ્ય અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ગત ડિસેમ્બર માસમાં ઠંડીનો કહેર જારી હતો પણ નવા વર્ષની શરૂઆતથી જ વાતાવરણમાં તાપમાનનો પારો ઉંચકાયો છે. લઘુત્તમ તાપમાનનો પારો ઉંચકાતા જીલ્લાવાસીઓને અને ઉત્તર ગુજરાતમાં ભર શિયાળે ઉનાળાના પ્રારંભનો અહેસાસ અનુભવાઈ રહ્યો છે. છેલ્લા કેટલાય દિવસથી વધેલા તાપમાનના લીધે રવિ વાવેતરના મહામુલા પાક પર વ્યાપક અસરો થઈ રહી છે. તાપમાનનો પારો માથુ ઉંચકતા ઘઉંના વાવેતર ઉપર ખતરો ઉભો થયો છે. ઘઉંના ઉત્પાદનમાં ભારે ફટકો પડવાના એંધાણ સર્જાતા ઉત્તર ગુજરાતના ભૂમિપુત્રો ચોમાસુ ખેતી બાદ શિયાળુ ખેતી પણ બરબાદ થઈ જવાના વાદળો ઘેરાતા ચિંતાતુર બની ગયા છે. આગામી દિવસોમાં કાશ્મીર અને ઉત્તર ભારતમાં હિમવર્ષા થતા બે-ત્રણ દિવસમાં ઠંડીનો બિજો રાઉન્ડ શરૂ થવાની આશા પર નિર્ભર રહેતા ખેડૂતોમાં આશા બેઠી છે.

હવામાન વિભાગના આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ ગત ડિસેમ્બર માસમાં ઠંડીનો કહેર જારી હતો. જેના કારણે ઉત્તર ગુજરાતમાં કોલ્ડવેવની અસર જોવા મળી હતી અને પ્રજાજનો ઠંડીમાં ઠુંઠવાઈ ગયા હતા. પરંતુ નવા વર્ષની શરૂઆતથી જ લઘુત્તમ તાપમાનનો પારો ઉંચકાતા ઉત્તર ગુજરાતવાસીઓ ગરમીનો અહેસાસ અનુભવી રહ્યા છે. બીજી તરફ પારો ઉંચકાતા ખેડૂતોએ કરેલા રવિ વાવેતરમાં બટાકા, વરીયાળી, જીરૂ, ઘઉ, દિવેલા તેમજ ફૂલોની ખેતી જેવા મહામુલા પાકના ઉત્પાદન તેમજ ગુણવત્તા પર વ્યાપક અસરો જોવા મળી રહી છે. ઉત્તર ગુજરાતના વિવિધ શહેરમાં તાપમાન ૨૫ થી ૩૦ ડીગ્રી તાપમાન નોંધાતા પ્રજાજનોને ગરમ વસ્ત્રો પહેરવામાંથી છુટકારો મળ્યો હતો.

અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ ૬૪ હજાર હેક્ટરમાં વાવેતર કરાયેલા ઘઉને માફકસર ઠંડી ન મળતા ઘઉંના પાકને નુકશાની થવા સાથે ઉત્પાદનમાં ઘટાડો થવાની ભીતી ઉભી થઈ છે. જિલ્લાના વાતાવરણનો પારો ૯ ડીગ્રી સુધી ગગડી જતા ભૂમિપુત્રો ખુશખુશાલ બન્યા હતા પરંતુ કુદરતે કરવટ બદલતા ખેડૂતોની ખુશીઓ લાંબા સમય ન ટકતા તાપમાન ૨૦ ડિગ્રીને પાર કરી જતા ચિંતાના વાદળો ઘેરાયા છે. ઘઉંનું વાવેતર કરનાર ભુમિપુત્રોએ મોંઘાદાટ ભાવે બિયારણની ખરીદી કરી જિલ્લાની જમીનમાં મોટાપાયે ઘઉંનું વાવેતર કર્યું હતું. જ્યારે ઘઉંના પાકને જરૂરીયાતના દિવસોમાં ઠંડી એકાએક વાતાવરણમાંથી અદૃશ્ય થતા ખેડૂતોએ કરેલો મોંઘોદાટ ખર્ચ માથે તો નહિ પડે ને તેવો ઘાટ સર્જાયો હતો.

થરાદના બેવટા ગામે ગર્ભવતી પત્નીની હત્યા કેસમાં પતિને આજીવન કેદ

દિયોદર, તા. ૫

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના બેવટા ગામે આવી અઢિ વર્ષ પહેલા ગર્ભવતી પત્નીને નજીવી બાબતે ગળે ટુપો આપી હત્યા કરનાર પતિને દિયોદર એડિશનલ સેસન્શ કોર્ટે આજે હત્યારા આરોપીને આજીવન કેદની સજા સંભળાવી હતી અને પચીસ હજારનો દંડ ખુલ્લી અદાલતમાં સંભળાવતા ચકચાર મચી જવા પામી હતી.

અઢિ વર્ષ પહેલા પત્ની-પતિ વચ્ચે ઝઘડો થયો હતો : પતિ ઉશ્કેરાઈ જઈ પત્નીને મોતને ઘાટ ઉતારી હતી

જાણવા મળતી માહિતી સાથે દિયોદર એડિશનલ સેસન્શ કોર્ટના હૂકમ પ્રમાણે થરાદ તાલુકાના બેવડા ગામે રહેતા મોતીભાઈ મસરાભાઈ દલીત તેમની પત્ની ગર્ભવતી હોવા છતાં તા. ૨૯-૬-૨૦૧૪ના રોજ ઘરે પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમાં ઉશ્કેરાયેલા પતિએ ગર્ભવતી પત્નીને માથે બેસી પોતાની પત્નીને ગળે ટુપો આપી હત્યા કરી હતી. જે બાબતે મૃતકના પિતા નગરામ પિરાજી દલીત રહે. અચણપુરા તા. સાચોર, જી. જાલોર વાળાએ થરાદ પોલીસમથકે ફરિયાદ આપતા થરાદ પોલીસે આરોપી મોતીભાઈ મસરાભાઈ દલીતની અટકાયત કરી હતી. જેમાં ગુન્હોની કબુલાત કરી હતી. આજે આ કેસ દિયોદર એડિશનલ સેસન્સ કોર્ટના જજ વી.કે. પુજારા સામે આ કેસ ચાલી જતા અને સરકારી વકિલ આર.ડી. જોષીએ ધારદાર દલીલો કરતા દિયોદર એડિશનલ સેસન્સ કોર્ટે હત્યારા પતિને આજીવન કેદની સજા સંભળાવી હતી અને ૨૫ હજારનો દંડ ખુલ્લી અદાલમતાં સંભળાવ્યો હતો.

ખેડબ્રહ્મામાં યુવાનનું મોત થતા પોલીસે તપાસ હાથ ધરી

ખેડબ્રહ્મા માતાજી મંદિર પાછળ ધર્મશાળામાં મજુરી કરતા યુવક તાજેતરમાં અચાનક ઢળી પડતા મોતને ભેટ્યો હતો. ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી પ્રાપ્ત વિગત અનુસાર ચિખલા ગામનો રણછોડભાઈ કોદરભાઈ ડાહ્યાણી (ઉં.વ. ૨૫)તથા સેબલીયાના ચુનીભાઈ મુળાભાઈ ખોખરીયા નારિયેળ ઉતારતા હતા ત્યારે અચાનક તકલીફ થતાં ઢળી પડ્યો હતો. જે અંગે ચુનીભાઈએ ભમુભાઈ કોદરભાઈ ડાહ્યાણીને જાણ કરતાં ત્યાં આવી જોતા રણછોડભાઈ મૃત્યુ પામ્યા હતા.

મોડાસામાં પઠાણકોટ આતંકવાદી હૂમલાનો ભોગ બનેલા શહીદોને કેન્ડલ દ્વારા શ્રદ્ધાંજલિ

ભારત દેશ માટે આતંકવાદ એ સૌથી મોટી સમસ્યા બની રહી છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દેશના લશ્કર દ્વારા આતંકવાદને પોષતા અને આતંકવાદીઓને પનાહ આપતા પાકિસ્તાન દેશની અંદર છુપેલા આતંકીઓને શોધીને ઠાર કરવામાં આવે તેવી ઉગ્ર માંગ સાથે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના 'લેટ નાઈટ' ગ્રુપ દ્વારા પઠાણકોટમાં આતંકવાદી હૂમલા દરમિયાન જીવસટોસટની બાજી લગાવી દેશની રક્ષા કરવા માટે અને ભારતના નાગરિકોની સલામતી માટે ભારતના છ જવાનો શહાદત વ્હોરી હતી ત્યારે આ શહીદોની શહાદત એળે ન જાય અને ભારતદેશ આતંકવાદનો ખાત્મો બોલાવી દે અને યુવાનોમાં દેશપ્રેમની ભાવના જાગૃત થાય તેવા ઉમદા હેતુથી આ ગ્રુપના યુવાનોએ 'શહીદો અમર રહો'ના નારા લગાવી, મીણબત્તીઓ પેટાવીને શ્રદ્ધાંજલિ આપી હતી. લેટનાઈટ ગ્રુપ દ્વારા માલપુર રોડ પર રોકડીયા હનુમાન દાદાની પ્રાર્થના કરી શહાદત વ્હોરેલા છ જવાનોના પરીવારને આત્મબળ પુરૂ પાડે તેવી શુભેચ્છા પાઠવી હતી.

નેત્રામલીમાં શિક્ષિકાની બદલીનો વિવાદ વકર્યો

હિંમતનગર, તા. ૫

ઈડર તાલુકાના નેત્રામલી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા એક શિક્ષિકા દ્વારા અસભ્ય વર્તન અને ફરજ દરમિયાન બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાતો હોવાનો આક્ષેપ કરીને ગ્રામજનોએ સોમવારે ઈડરના સંલગ્ન વિભાગોમાં લેખિત રજુઆત કર્યા બાદ મંગળવારે આ ગ્રામજનોએ હિંમતનગર આવી જિલ્લા વિકાસ અધિકારી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રૂબરૂ મળી આવેદનપત્ર આપી તાત્કાલિક તેમની બદલી કરવાની માંગ કરી છે.

આ અંગે ગ્રામજનોએ મંગળવારે હિંમતનગર ખાતે આવીને અધિક કલેક્ટર એસ.ડી. ધાનાણી

ગ્રામજનોએ જિલ્લા વિકાસ અધિકારી અને પ્રાથમિક શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપ્યું

તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રકાશભાઈ ત્રિવેદીને મળીને શિક્ષિકા રાજુલાબેન સંજયકુમાર દિક્ષિતની કાર્ય પદ્ધતિથી નારજ થઈ તેણી છેલ્લા કેટલાક વર્ષોથી શિક્ષણ સિવાયની અન્ય પ્રવૃત્તિઓ કરે છે. જેના કારણે શાળામાં ભણતા બાળકોના ભવિષ્ય ઉપર અવળી અસરો થઈ રહી છે. જે અંગે ગ્રામજનો દ્વારા અનેક વખત રજુઆત કરાઈ હોવા છતાં તેમની સામે ખાતાકીય તપાસ કરીને યોગ્ય પગલા લેવામાં આવ્યા નથી. જેથી સત્વરે આ શિક્ષિકા સામે તપાસ કરી સખ્ત કાર્યવાહી કરવાની માંગ ગ્રામજનોએ કરી છે.

ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર. જી. બારોટ એજ્યુકેશન કેમ્પસમાં આવેલ અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારેલ છે. ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ આચાર્યએ જણાવ્યું હતું કે ધોરણ.૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ ની વિદ્યાર્થીની રવીજાબેન ગામેતી ૯૭.૮૯ પી.આર.મેળવી સેન્ટરમાં પ્રથમ આવેલ છે. ધ્વનીબેન નિનામા ૯૧.૬૬ પી.આર.મેળવી અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં દ્વિતીય નંબર મેળવેલ છે. ધોરણ.૧૨ સેમેસ્ટર-૩ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી અર્પીતકુમાર દિનેશભાઈ ડાભી ૮૫.૮૪ પી.આર. મેળવી ભિલોડા કેન્દ્રમાંપ્રથમ આવેલ છે. આયુષકુમાર જાદવ ૭૪.૪૭ પી.આર. મેળવી સ્કુલમાં દ્વિતીય નંબર મેળવેલ છે. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, કેમ્પસ ડાયરેક્ટર દેવાંગભાઈ બારોટ, ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ આચાર્ય ટી. કે. પરમાર તેમજ સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

માલપુરમાં 'વિકલાંગતા' અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ

વિશ્વ વ્યાપી 'વિશ્વ વિકલાંગ દિન' ઉજવણીના ભાગરૂપે માલપુરની એમ.એમ.જે. ઉમા. પ્રા. શાળામાં એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામની સેવાભાવી સંસ્થા અભિલાષા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિકલાંગતા અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી આયોજીત આ કાર્યક્રમમાં સ્પર્ધાના વિજેતાઓને આકર્ષક મોમેન્ટો આપી સન્માનવામાં આવ્યા હતા કાર્યક્રમમાં તાલુકા પંચાયતના નવા ચૂંટાયેલા પ્રમુખશ્રી ગબાભાઈ ખોખર, ઉપપ્રમુખ કનુભાઈ પટેલ, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ગુરુજન ભાનુમતિ બેન ઉપાધ્યાય, પટેલ અગ્રણી મનુભાઈ પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે નવા ચૂંટાયેલા તાલુકા પ્રમુખ તથા ઉપપ્રમુખશ્રીનું સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી રાજુભાઈ પંચાલ સહિતના સ્ટાફે સુંદર કાર્યક્રમની યજમાની બદલ આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે અભિલાષા ચેરીટેબલ ટ્રસ્ટ માલપુરના પ્રમુખ જીજ્ઞેશ ભટ્ટ દ્વારા ખુબ જહેમત ઉઠાવવામાં આવી હતી.

ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા અકસ્માત વિમાના ૯ ચેક એનાયત કરાયા

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ધ્વારા જુથ અકસ્માત વિમાના ૯ ચેક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા, વા.ચેરમેન તુલસીભાઈ રાવલ, સેક્રેટરી કાંતીલાલ પંચાલ, ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. વા.ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી,ભિલોડા જમીન વિકાસ બેંક ચેરમેન શાંમળદાસ પટેલ, ગલબાભાઈ પ્રજાપતી, રઘજીભાઈ પટેલ, ગોપાલસિંહ સિસોદીયા, કુમુદચંદ્ર શાહ, મુકેશભાઈ ત્રિવેદી, રઝાકભાઈ મનસુરી સહિત ખેડુતો, વેપારીઓ અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડા તાલુકા વિધાનસભા મતવિસ્તારના મતદારયાદી મુજબના મતદારોનો વિમો માર્કેટયાર્ડ ધ્વારા લેવાયેલ છે. ભિલોડા માર્કેટયાર્ડ ધ્વારા રૂા.૧૦,૮૪,૨૫૮/- નું વિમા કવચનું પ્રિમીયમ ભરવામાં આવેલ છે. ૯ વ્યક્તિઓના આકસ્મીક અવસાન થતાં તેમના વારસદારોને આકસ્મીક વિમા યોજના હેઠળ ૫૦,૦૦૦/-ના ચેક એનાયત કરાયા હતા.

દિયોદર તાલુકાનું રૈયા ગામ વ્યસનમુક્તિ માટે સંકલ્પબદ્ધ

દિયોદર તાલુકાના રૈયા ગામે ક્ષત્રિય સેનાની ગ્રામજનોની ઉપસ્થિતિમાં મહાદેવ મંદિર ખાતે વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત બેઠક મળી હતી. જેમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સેનાના કાર્યકર્તાઓની વિનંતીને ધ્યાને લઈને રૈયા ગામે તેમજ ઠાકોર સમાજે દારૂ રૂપી દૈત્યને દેશવટો આપવા સહમતી દર્શાવી હતી. આ પ્રસંગે દિયોદર ધારાસભ્ય કેશાજી ચૌહાણ, ગેનીબેન ઠાકોર, પી.એસ.આઈ. આર.બી. વાઘિયા, ડૉ. દેવજીભાઈ પટેલ, ભીખીબેન, ગામના સરપંચ તથા ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને હાથ ઉંચા કરી ગામમાંથી દારૂ-તમાકુ-ગુટકાને વ્યસનને તિલાંજલી અર્પવાનો નિર્ણય લીધો હતો અને રૈયા ગામે આજથી કોઈપણ વ્યક્તિ દારૂ અને તમાકુ-ગુટકાથી દૂર રહેવા માટે સંકલ્પબદ્ધ રહ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

અગ્રણી અણદાજી બારોટના પુત્રવધુનું દુઃખદ અવસાન

ડીસા શહેરના અગ્રણી અને વેપારી અણદાજી બારોટના પુત્ર મણિલાલના ધર્મપત્નિ મનીષાબેન મણિલાલ બારોટ (ઉ.વ.૩૬)નું ટુંક માંદગી બાદ મોત થતા પરિવારજનોમાં ભારે આઘાતની લાગણી છવાઈ જવા પામી છે. તેઓ માયાળુ અને પરોપકારી સ્વભાવના હતા. સંતાનમાં તેમને એક પુત્ર અને એક પુત્રી હતા. તેમની ઓચિંતી વિદાયથી પરિવારજનોમાં ન પુરાય તેવી ખોટ પડી છે. તેમની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં પરિવારજનો મિત્રો અને સગા સંબંધીઓ જોડાયા હતા.

ન્યાયયાત્રા આવકારવા થનગનતુ પાલનપુર

દેશના ન્યાયતંત્રમાં આશરે ૩ કરોડ ઉપરાંતના કેસોનો ભરાવો થયો છે. સર્વોચ્ચ અદાલતની અવારનવાર ટકોર છતાં સરકાર પુરતી સંખ્યામાં હાઈકોર્ટ જજ તેમજ નીચેની અદાલતોમાં ન્યાયાધીશોની સંખ્યા પુરી કરતી નથી. ન્યાયતંત્ર વૈભવી, અત્યંત ખર્ચાળ અને મંદ ગતિએ ચાલી રહ્યું છે. દેશભરમાં લોકજાગૃતી અર્થે મુંબઈ સ્થિત ફોરમ ફોર ફાસ્ટ જસ્ટીસના ઉપક્રમે ન્યાયયાત્રાનું કચ્છથી કલકત્તા અને કાશ્મીરથી કન્યાકુમારી એમ બે ભાગમાં રાજઘાટ દિલ્હીથી ૩૦ જાન્યુઆરી-૨૦૧૬ના રોજથી પ્રસ્થાન થનાર છે. પાલનપુર શહેરના અગ્રણી વકીલ શિરીષકુમાર મોદીના અધ્યક્ષસ્થાને સોસાયટી ફોર ફાસ્ટ જસ્ટીસની લૉ કોલેજ પાલનપુર ખાતે જિલ્લા કક્ષાના સંગઠનની સ્થાપના કરવામાં આવી છે. આ સંગઠને પાલનપુર ખાતે ન્યાયયાત્રા આવકારવાનું ઠરાવેલ છે.

સારંગપુર ગામે વિધવા મહિલાની આબરૂ લુંટવાનો પ્રયાસ

મેઘરજ તાલુકાના સારંગપુર ગામે ખેતીકામ કરી ગુજરાન ચલાવતી વિધવા મહિલાની આબરૂ લેવાના પ્રયાસ અંગે મેઘરજ પોલીસમાંફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. ગત શનિવારની રાત્રીએ મહિલા પોતાના નાના સંતાનની સાથે સુઈ રહ્યા હતા. જ્યારે મોટો દીકરો પાણી વાળવા માટે ખેતરમાં ગયો હતો. તે દરમિયાન રાત્રીના બે વાગ્યાના અરસામાં એકલતાનો લાભ લઈ ભેમા પુજા બારીયા ઘરમાં પ્રવેશ કરી મહિલા અને તેમનો પુત્ર જે ખાટલામાં સૂઈ રહ્યા હતા ત્યાં જઈ ખેંચતાણ કરી બળજબરીથી મહિલાની આબરૂ લેવાની કોશિષ કરી હતી. આરોપીએ મહિલાને જાનથી મારી નાંખવાની ધમકીઓ પણ આપી હતી.

અમલાઈ ગામની સીમમાંથી વિદેશી દારૂ ઝડપાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના અમલાઈ ગામની સીમમાં આવેલા એરંડાના ખેતરમાંથી મોડાસા રૂરલ પોલિસે ૩૭૫૦ રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. અમલા ગામના ભુરાભાઈ ઉર્ફે નાનાભાઈ કોદરભાઈ મકવાણા ગેરકાયદેસર વગર પાસ પરમીટે ગામની સીમમાં આવેલા તેમના ખેતરમાં એરંડાના ઓથા હેઠળ દારૂ વેચતો હોવાની બાતમીના આધારે મોડાસા રૂરલ પોલિસે રેડ કરતા એરંડાના ખેતરમાંથી વિદેશી દારૂના પ્લાસ્ટીકના કવાટરીય ગુડવીલ વ્હીસકી કંપનીના ૧૮૦ મીલીના ૭૫ નંગ કિંમત રૂ. ૩૭૫૦નો વિદેશી દારૂ ઝડપી પાડયો હતો.

સંક્ષિપ્ત સમાચાર

ધનસુરા મહિલા કોલેજના હોદ્દેદારોની વરણી

ધનસુરા સ્થિત ધનસુરા પ્રદેશ એજ્યુકેશન સોસાયટીની વાર્ષિક સાધારણ સભા મંડળના ટ્રસ્ટી જયંતિલાલ શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સાધારણ બેઠકમાં નવા પ્રમુખ તરીકે જયંતિલાલ વિરચંદદાસ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ઉપ પ્રમુખ પદે રાજેન્દ્રભાઈ શાહ, સુરેશભાઈ ગજ્જર, મહેન્દ્રભાઈ શાહ, મનુભાઈ શાહ, મંત્રી તરીકે અતુલ બ્રહ્મભટ્ટ, અનિલભાઈ શાહ, પિયુષભાઈ શાહ, વિઠ્ઠલભાઈ પટેલ, ટ્રસ્ટીઓમાં જયંતિલાલ શાહ, દિલીપસિંહ પરમારની વરણી કરવામાં આવી હતી. નવા હોદ્દેદારોની વરણી થતા સભ્યોએ આવકાર સાથે અભિનંદન પાઠવ્યા હતા. આ બેઠકમાં મહિલા કોલેજના આચાર્યા પ્રફુલાબેન બ્રહ્મભટ્ટે સ્વાગત વિધિ અને સંચાલન યોગેશ શાહે કર્યું હતું.

ધનસુરા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખની વરણી

ધનસુરા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ મગનભાઈ પટેલ વયમર્યાદાને લીધે નિવૃત્ત થતાં તેમના સ્થાને કાર્યકારી પ્રમુખ તરીકે નિવૃત્ત એડીઆઈ હસમુખભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. હસમુખભાઈની વરણીને સૌ કોઈ સભ્યોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા. અંતે નિવૃત્ત થતા મંડળના પ્રમુખ મગનભાઈ પટેલની સેવાને બિરદાવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી ધીરૂભાઈ પટેલે કર્યું હતું.

કડી તાલુકા પંચાયતમાં ભાજપાના પ્રમુખ-ઉપપ્રમુખ ચૂંટાયા

કડી, તા. ૫

મહેસાણા જિલ્લાની કડી તાલુકા પંચાયતમાં આજરોજ બે અપક્ષ સભ્યો ભાજપામાં જોડાયા હતા તથા આજરોજ થયેલ તાલુકા પંચાયતની પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં પ્રમુખ તરીકે શ્રી સપનાબેન નવીનભાઈ પટેલ અને ઉપપ્રમુખ તરીકે શ્રી ઈર્ષાદમીયા દિવાનમીયા સૈયદ ચૂંટાઈ આવ્યા છે. ૩૦ સભ્યોની તાલુકા પંચાયતમાં ભાજપાની સભ્ય સંખ્યા ૧૬ થઈ છે.

હિંમતનગરની રાજવાટિકા સોસાયટીમાંથી ૪૭,૩૦૦ની મત્તા ચોરાઈ

હિંમતનગર, તા. ૫

હિંમતનગરમાં આવેલ રાજવાટિકા સોસાયટીના મકાન નં. ૨૫માંથી રવિવારે રાત્રે અજાણ્યા શખ્સો બંધ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ. ૪૭,૩૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે મકાન માલિકે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોમવારે ફરિયાદ નોંધાવી હતી.

રાજવાટિકા સોસાયટીમાં મકાન નં. ૨૫માં રહેતા ભૂમિકાબેન નિલેષભાઈ પરમારના ઘરમાંથી રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશ કરી તિજોરી-કબાટમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ. ૪૭,૩૦૦ની મત્તાની ચોરી કરી ઘરવખરીને વેર-વિખેર કરી ભાગી ગયા હતા. જે અંગે ભુમિકાબેન પરમારે સોમવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.